## પરસ્પર ઉપગ્રહ: જીવાનામ્   ૫-૨૧

સૂત્રાર્થ: પરસ્પર સહાય કરવી એ જીવોનો ઉપકાર છે.

ભાવાર્થ: અહીં ઉપકારનો અર્થ કોઈનું ભલું કરવું એ જ અર્થ નથી, પરંતુ જીવો સુખ દુઃખમાં નિમિત્ત બને છે તે અર્થ લેવો. કોઈ જીવ બીજા જીવનું અહિત કરે છે તેનો અર્થ ન કરવો. સિંહ શિકાર કરે તે એના સ્વભાવના કારણે પરંતુ જીવનો ~~સ્વભાવ~~ સ્વભાવ તે નથી.

ગુરુ ઉપદેશ અને આચરણ દ્વારા શિષ્ય ઉપર ઉપકાર કરે છે. શિષ્ય ગુરુની આજ્ઞા માન્ય રાખી અને સેવા દ્વારા ગુરુ ઉપર ઉપકાર કરે છે. તે જ રીતે પિતા-પુત્ર પાલન-પોષણ અને સેવા ભક્તિ દ્વારા પરસ્પર ઉપકાર કરે છે.

હવે પછીના સૂત્રમાં કાળનો શું ઉપકાર છે તે બતાવે છે.

## વર્તના-પરિણામ-ક્રિયા-પરત્વ-અપરત્વે ચ કાલસ્ય   ૫-૨૨

સૂત્રાર્થ: વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ એ કાળનો ઉપકાર છે.

ભાવાર્થ: પૂ. ઉમાસ્વાતિજીના મતે દ્રવ્યો પાંચ જ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવ અને પુદ્ગલ. કાળ ને તેઓ દ્રવ્ય ગણતા નથી. પરંતુ અન્ય આચાર્યો કાળને પણ દ્રવ્ય માને છે જે વાત તેઓ ૩૮મા સૂત્રમાં કહેવાના છે. અહીં દ્રવ્યોના ઉપકારની વાત ચાલે છે તેથી કાળ જો દ્રવ્ય છે તો તેનો કોઈ ને કોઈ ઉપકાર હોવો જોઈએ.

વર્તના: દરેક દ્રવ્ય પ્રતિક્ષણે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ રૂપે વર્તે તે વર્તના કહેવાય, તેમાં કાળ નિમિત્ત કારણ છે. જેમ કે જમીનમાં બીજ વાવ્યું પરંતુ અમુક કાળ વીત્યા પછી જ અંકુરો ફૂટેલો દેખાય છે. ધારો કે ૯ મહિના પછી પુત્ર જન્મે છે. હકીકતમાં પુત્ર જન્મવાની શરૂઆત તો પહેલા દિવસથી જ શરૂ થઈ હતી. આમ દ્રવ્યો સ્વયં "ધ્રુવ" રૂપે પ્રત્યેક સમયે

વર્તી રહ્યા છે, કાળ માત્ર નિમિત્ત બને છે. આ દ્રવ્યોમાં ઉત્પાદ અને વ્યય પણ પ્રત્યેક સમયે થઈ રહ્યા છે.

જેમ કે એક નવું મકાન બનાવ્યું. મકાન. મકાન રૂપે ધ્રુવ છે. પાંચ વર્ષ પછી રીપેરીંગ (Renovation) કરવાનો સમય આવ્યો. તો નોંધ્યું કે શરૂઆતથી જ જૂના થવાની શરૂઆત થઈ ચૂકી હતી. આમ ઉત્પાદ-વ્યયની ક્રિયા ચાલુ જ છે. અતિ સૂક્ષ્મ હોવાથી અમુક સમય (પાંચ વર્ષ) પછી દેખાઈ.

આ પ્રમાણે વર્તના પ્રતિસમય પ્રત્યેક દ્રવ્યમાં હોય છે.

પરિણામ: પરિણામ એટલે પોતાના મૂળ દ્રવ્યમાં પૂર્વપર્યાયનો નાશ અને ઉત્તર (પછીના) પર્યાયની ઉત્પત્તિ. જેમ શિયાળામાં ઠંડી, ઉનાળામાં ગરમી તથા કેરી જેવા ફળ ઉનાળામાં પાકે છે આ બધા પરિવર્તનોમાં કાળનો ઉપકાર છે. કાળના લીધે બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા દેખાય છે.

ક્રિયા: કોઈપણ ચેતન એક સ્થાનેથી બીજા સ્થાને જતાં ગતિ ક્રિયા કરે છે અને તે ક્રિયામાં સમય પસાર થાય છે. તે કાળનો ઉપકાર છે.

પરત્વાપરત્વ: પરત્વ અને અપરત્વ એ પરસ્પર સાપેક્ષ છે. ૧૦ વર્ષના અને ૧૫ વર્ષના બે બાળકોમાં ~~૧૫~~ વર્ષનું બાળક ૧૦ વર્ષના બાળક કરતા મોટું (પરત્વ) છે અને ૧૫ વર્ષના બાળક કરતા ૧૦ વર્ષનું બાળક નાનું છે (અપરત્વ) આમ કાળની અપેક્ષાએ પરત્વાપરત્વ છે.

આમ મૂળ પાંચ દ્રવ્યોની તથા છઠ્ઠા ઉપચરિત કાળ દ્રવ્યની ઉપકારકતા ૧૭ થી ૨૨ સૂત્રોમાં પૂ. આચાર્યશ્રીએ સમજાવી.

હવે ૨૩ મા સૂત્રમાં પુદ્ગલનું લક્ષણ સમજાવે છે.

## સ્પર્શ-રસ-ગન્ધ-વર્ણવન્તઃ પુદ્ગલાઃ ૫-૨૩

સૂત્રાર્થ: પુદ્ગલો સ્પર્શ, રસ, ગંધ, અને વર્ણવાળા છે.

ભાવાર્થ: પુદ્ગલ દ્રવ્ય સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળું જ હોય. આ ચારેય ગુણો સાથે રહે છે. અન્ય દ્રવ્યોમાં આ ચાર ગુણો હોતા નથી. વાયુનો સ્પર્શ હોય છે તે સમજાય છે પરંતુ બાકીના ત્રણ ગુણો અવ્યક્ત પણ હોય જ. તે એટલા સૂક્ષ્મ છે કે આપણાથી પકડાતા નથી.

સ્પર્શ: ૮ પ્રકાર છે. કઠણ, મૃદુ, ગુરૂ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ.

રસ: ૫ પ્રકાર છે. તીખો, કડવો, તુરો, ખાટો અને મીઠો.

ગંધ: ૨ પ્રકાર છે. સુગંધ અને દુર્ગંધ

વર્ણ: ૫ પ્રકાર છે. કાળો, સફેદ, લાલ, પીળો, નીલ (લીલો)

## શબ્દ-બંધ-સૌક્ષ્મ્ય-સ્થૌલ્ય-સંસ્થાન-ભેદ તમઃ-છાયા-આતપ-ઉદ્યોતવન્તઃ ચ ૫-૨૪

સૂત્રાર્થ: શબ્દ-બંધ-સૌક્ષ્મ્ય-સ્થૌલ્ય-સંસ્થાન-ભેદ અંધકાર-છાયા-આતપ અને ઉદ્યોતધર્મવાળા પણ પુદ્ગલો જ હોય છે.

ભાવાર્થ: શબ્દ: શબ્દ એ પુદ્ગલનું પરિણામ છે. વ્યક્ત શબ્દ જેવા કે મુખમાંથી નીકળતી વાણી, વાજિંત્ર વાગે ત્યારે તેનો મધુર અવાજ, ગાજતા વાદળોમાંથી આવતો અવાજ, અવ્યક્ત શબ્દ તાળીઓ પડે તેમાંથી પ્રગટતો અવાજ આ બધા જ પુદ્ગલો છે

શંકા: શબ્દનું જ્ઞાન શ્રવણેન્દ્રિય (કાન) થી થાય છે. વનસ્પતિ એકેન્દ્રિય છે છતાં અમુક વનસ્પતિ સંગીતના પ્રયોગથી સુંદર રીતે ખીલે છે તે કેમ બને?

**સમાધાન:** સંગીત દ્વારા નીકળતા પુદ્ગલો વનસ્પતિને સ્પર્શે છે. તેનાથી અદ્ભુત વનસ્પતિ પ્રભાવિત થાય છે માટે તેનો સુંદર રીતે વિકાસ થાય છે. → (પાછળ)

**બંધ:** બંધ એટલે પરસ્પર બે વસ્તુઓનું જોડાઈ જવું. આ બંધન અથવા જોડાઈ જવું તે પણ પુદ્ગલોનું જ બને છે. જીવ સાથે કર્મનો બંધ ગુણની અપેક્ષાએ ચાર પ્રકારે બતાવ્યો છે. સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત.

**સૌક્ષ્મ્ય:** એટલે સૂક્ષ્મતા. સૂક્ષ્મપણું એ પુદ્ગલનું સ્વરૂપ છે. જેમ પાણી ભરવાના જગની અપેક્ષાએ ગ્લાસ સૂક્ષ્મ છે. ગ્લાસની અપેક્ષાએ વાટકી સૂક્ષ્મ છે. વાટકીની અપેક્ષાએ ચમચો સૂક્ષ્મ છે. પરમાણુ સૌથી સૂક્ષ્મ છે.

**સ્થૌલ્ય:** સ્થૂલતા. સ્થૂલપણું એ પણ પુદ્ગલનું જ સ્વરૂપ છે. ઉપરનું જ દ્રષ્ટાંત ઉલટી રીતે વિચારીએ તો સ્થૂલપણું સમજાય. ચમચાથી વાટકી સ્થૂલ, વાટકીથી ગ્લાસ અને ગ્લાસથી જગ સ્થૂલ.

**સંસ્થાન:** સંસ્થાન એટલે આકૃતિ. ત્રિકોણ, ચતુષ્કોણ, વર્તુળ વગેરે આકારો પણ પુદ્ગલમાં જ હોય છે.

**ભેદ:** ફૂટવું, ભાંગવું, ટુકડા થવા ... વગેરે પુદ્ગલમાં જ થાય છે.

**અંધકાર:** અંધકાર એ પ્રકાશનો અભાવ નહિ પરંતુ કાળા રંગના પુદ્ગલોનો સમૂહ છે.

**છાયા:** પડછાયો, પ્રતિબિંબ, ફોટોગ્રાફ એ પુદ્ગલોનો સમૂહ છે.

**આતપ:** સૂર્યના પ્રકાશને આતપ કહે છે. આતપ એ ઉષ્ણ અને પ્રકાશતરંગો પરિણમેલા પુદ્ગલોનો જથ્થો છે.

**ઉદ્યોત:** ચંદ્ર, રત્ન, મણિ વગેરેના પ્રકાશને ઉદ્યોત કહેવાય છે.